# મહેસાણા અને ઊંઝામાં ક્રિકેટ મેચ પર ચાલતા જુગારના અડ્ડાઓ પર પોલીસના દરોડા

ઊંઝા, તા. ૨૨

મહેસાણા અને ઊંઝા શહેરમાં ક્રિકેટ મેચ પર ચાલતા જુગારના ત્રણ અડ્ડાઓ પર પોલીસે દરોડો પાડી દસ સટ્ટોડીયાઓને ઝડપી લઈ એક લાખ ઉપરાંતની કિંમતની મત્તાનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.

મળતી માહિતી અનુસાર મહેસાણા શહેરની તિરૂપતિ હર્ષ રેસિડેન્સીમાં આવેલા સંજય મફતલાલ પટેલના રહેણાંક મકાનમાં ક્રિકેટ મેચ આધારિત જુગાર ચાલતો હોવાની બાતમીના આધારે લોકલ ક્રાઈમ બ્રાંચના અધિકારીએ સ્ટાફના માણસો સાથે મોડી રાત્રે દરોડો પાડ્યો હતો. જેમાં પાંચ શખ્સો ઝડપાઈ ગયા હતા. પોલીસે આ સ્થળેથી લેપટોપ, ટીવી, મોબાઈલ વગેરે મળી કુલ ૫૭૧૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પકડાયેલા સટ્ટોડીયાઓની પુછપરછ કરતા તેમજ કબજે કરાયેલા મોબાઈલની ચકાસણી કરતા વધુ ચાર બુકીઓના નામો બહાર આવ્યા હતા. જેમાં ઊંઝા નગરપાલિકાના નગરસેક ગીરીશ ઉર્ફે ટોમી, હર્ષદ ઉર્ફે ગોગો ચૌધરી, હરેશ ઉર્ફે રામદેવ અને હસમુખ ઉર્ફે કુમારના નામો ખુલતા તેઓની શોધખોળ આરંભી છે.

જ્યારે ઊંઝા શહેરમાં વેપારભવન પાસે માર્કેટની એક દુકાનમાં ચાલતા ક્રિકેટના અડ્ડા પર પોલીસે દરોડો પાડી કમલેશ પ્રહલાદભાઈ પટેલ, પ્રવિણ ભાયચંદ્રભાઈ પ્રજાપતિ અને પિયુષ નારણભાઈ પટેલ ત્રણેય રહે. ઊંઝાને પકડી પાડી તેઓની પાસેથી કુલર રૂ. ૩૩૩૧૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે પોલીસે બન્ને બનાવમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# હિંમતનગર બસ સ્ટેન્ડ પાસે રાજસ્થાનની ૨૫ વર્ષીય યુવતીની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરાઈ

હિંમતનગર, તા. ૨૨

હિંમતનગરના બસ સ્ટેશન પાસે આવેલા વર્કશોપ નજીકના ખાડામાંથી રવિવારે વહેલી સવારે હત્યા કરાયેલ મહિલાનો મૃતદેહ મળી આવતા ચકચાર જાગી છે. ગિરધરનગરના રહીશે સવારે ખાડામાં પડેલી મહિલાનો મૃતદેહ જોતા હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશને જાણ કરી હતી. ટાઉન પોલીસે ઘટનાસ્થળે પહોંચી હત્યા કરાયેલ મહિલાનો મૃતદેહનો કબજો લઈ તેને પોસ્ટમોર્ટમ માટે હિંમતનગર સિવિલમાં મોકલી આપી હત્યાનો ગુનો નોંધ્યો હતો. ટાઉન પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્તવિગત અનુસાર હિંમતનગર શહેરના મુખ્ય બસસ્ટેશન પાસે આવેલા વર્કશોપ નજીકના ખાડામાં હત્યા કરાયેલ હાલતમાં મહિલાનો મૃતદેહ પડ્યો હતો. રવિવારે વહેલી સવારે ગિરધરનગર વિસ્તારમાં રહેતા લાલભાઈ ચેલાજી ભાટ મહિલાના મૃતદેહને જોતા ટાઉન પોલીસ સ્ટેશને બનાવ અંગે જાણ કરતા પોલીસ તુરત જ ઘટના સ્થળે દોડી ગઈ હતી.

હિંમતનગર ટાઉનના ઈન્ચાર્જ પી.આઈ. એસ.એમ. પટેલે જણાવ્યું હતું કે ઘટના સ્થળે પહોંચ્યા બાદ મહિલાનો મૃતદેહની તપાસ કરતા તેણીના જમણા હાથની કલઈના ભાગે તેજકુંવર છુંદણાથી લખેલાનું નજરે પડ્યું હતું. જ્યારે હત્યા કરાયેલ મહિલાના પેટના ભાગે તેમજ કમરના ભાગે આઠ જેટલા ઘા મારીને તેની કરપીણ હત્યા થયાનું જણાતું હતું. પોલીસે મહિલાનો મૃતદેહનો કબજો લઈ તેને પોસ્ટમોર્ટમ માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપી હતી. ટાઉન પોલીસે બનાવ અંગે લાલભાઈ ભાટની ફરિયાદને આધારે હત્યાનો ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. રવિવારે વહેલી સવારે બસ સ્ટેશન નજીકના ખાડામાંથી હત્યા કરેલી હાલતમાં મહિલાનો મૃતદેહ મળી આવ્યા બાદ પોલીસે ત્વરિત તપાસના ચક્રો ગતિમાન કરી દીધા હતા.

જેમાં પોલીસને આ મહિલા રાજસ્થાનના નાથદ્વારા (જાલોકીમંદાર, ગોગુન્દા)ની તેજકુંવર રતનસિંહ (ઉં.વ. ૨૫)ની હોવાનું તપાસમાં ખુલવા પામ્યું હતું. હિંમતનગર શહેર પી.આઈ. શ્રી એસ.એમ. પટેલે હત્યારાઓને શોધી કાઢવા તજવીજ હાથ ધરી છે.

# ગીષ્મઋતુનું ઉત્તમ ફળ : ફાલસા

## ફાસલાની બાગાયત ખેતીમાં ઓછા ખર્ચે - વધુ ઉપજ મેળવતા ગાંધીનગર જિલ્લાના ચિલોડા - લવારપુર - દહેગામના ખેડૂતો : ફાલસાની નિકાસ દિલ્હીમાં વધુ થાય છે

ચિલોડા, તા. ૨૨

ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં ખેતીક્ષેત્રે થયેલા કૃષિ સંશોધનોમાં ટેકનિકલ અને સંસ્થાકીય સુધારાઓ બાદ વિશેષ અનુભવના અંતે બાગાયત ખેતી વધુ ઉપજાઉ અને નહીંવત ખર્ચાળ સાબિત થઈ છે. ખેડૂતોનો શાકભાજી અને બાગાયતી ખેતી તરફ ઝોક વધતો જાય છે. ગાંધીનગર જિલ્લાં લવારપુર - ચિલોડા અને દહેગામ વિસ્તારમાં કેટલાક પ્રગતિશીલ ખેડૂતોએ જૂની ઢબની ખેતીને બદલે બાગાયતી ખેતી કરી છે. છેલ્લા દસ વર્ષથી આંબા, ચીકુ, આમળાં, જામફળ, બોરડી, સુધી ફળ ઉતારવાનું ચાલુ થાય છે. ફળો ઉતાર્યા બાદ પછી સંભાળપૂર્વક પેક કરી તુરત જ બજારમાં વેચાણમાં મોકલાય છે. ફાલસાનું વાવેતર ગાંધીનગર જિલ્લાના ચિલોડા, લવારપુર, દહેગામ જેવા વિસ્તારમાં જોવા મળે છે. લવારપુરના મહેન્દ્રભાઈ પટેલ તથા ચિલોડાના નટુભાઈ પટેલે ફાલસાની વાવણી અંગે માહિતી આપતા કહ્યું હતું કે, ઉત્તમમાં ઉત્તમ ફળ ફાલસાની ખેતી કરવી અતિ હિતાવહ છે. ઓછા ખર્ચે વધુ ઉત્પાદન લેવાય છે. ઓછા પાણીએ થતો ઉત્તમ બાગાયતી પાક અનેક રીતે લાભદાયી છે.



તસ્વીર : નટુભાઈ પટેલ, ચિલોડા

દાડમ, પપૈયાંની વાડીઓમાં વધુ રસ ધરાવે છે. તેમાંય ફાલસાની ખેતી ખેડૂતોને ખૂબ જ અનુકૂળ સાબિત થઈ છે. ફાલસા ગ્રીષ્મ ઋતુમાં ઉત્તમ ફળ ગણાય છે. સ્વાદમાં મીઠા અને દેખાવમાં મનમોહક લીલા રંગના અને પાકે ત્યારે રાતા જાંબુડીયા રંગમાં જોવા મળે છે. જેમાં વિટામીન 'સી' ભરપૂર પ્રમાણમાં હોય છે. ફાલસા ગરમીની ઋતુમાં રાહત આપે છે. તથા પેશાબના રોગોમાં માટે અકસીર ઔષધ ગણાય છે. પાકા ફાલસાના બીજનું ધરું તૈયાર કરી ત્રણ થી ચાર માસનો છોડ તૈયાર થાય ત્યારે ખેતરમાં ખાડા વાવેતર કરવામાં આવે છે. બીજ પ્લાસ્ટિકની કોથળીમાં વાવી છોડ ૨૦ થી ૩૦ સે.મી. ઊંચાઈ ના થાય ત્યારે જુલાઈ, ઑગસ્ટ અથવા જાન્યુઆરી - ફેબ્રુઆરીમાં અગાઉથી તૈયાર કરેલ ખાડામાં એક - એક છોડની રોપણી કરવામાં આવે છે. આંબા અથવા ચીકુ વાડિયામાં આંતર પાક તરીકે પણ ફાલસા ઉગાડી શકાય છે.

ફાલસાની માજવત માટે મધ્યમ પ્રકારની ગોરાડુ જમીન વાવેતર માટે પસંદ કરી શકાય. ફાલસાનો છોડ ખડતલ હોઈ કોઈ રોગ કે જીવાત લાગતા નથી. પરંતુ ફળમાં ફળ માખીના ઉપદ્રવને લીધે કીડા પડે છે, તેને અટકાવવા માટે બેલેસીડનો છંટકાવ કરવો પડે છે. ફાલસા રોપ્યા પછી બીજા વર્ષથી ફળ ફૂલ આવવાના શરૂ થાય છે. ફાલસાને ફળફૂલ આગળ પાછળ આવતા હોવાથી મે માસ

ફળો સહેજ રતાશ પડતા થાય ત્યારે વીણી લેવામાં આવે છે. ફળ વધુ પાકી જવાથી પોચા પડી જાય છે. ચગદાઈને નુકશાન થાય છે. ફળો ઉતાર્યા પછી સંભાળપૂર્વક પેક કરી બજારમાં વેચાણ માટે મોકલી આપવામાં આવે છે. એક છોડ ઉપર આશરે ૪ થી ૫ કિ.ગ્રા. ફાલસાના ફળ ઉતરે છે. સિઝનમાં ૭૫૦ થી ૨૦૦૦ જેટલો ૨૦ કિ.ગ્રા. નો ભાવ મળી રહે છે. ખાસ કરીને અહીંનાં ખેડૂતો દિલ્હીના બજારમાં વેચાણ કરે છે. જેમાં લવારપુર ખાતે સાંજના સમયે મીની બજારનું કેન્દ્ર છે. ત્યાં અમદાવાદ તથા દિલ્હીના વેપારીઓ પેકીંગ તૈયાર કરી દિલ્હી મોકલાય છે. દિલ્હીમાં ફાલસાની માંગ વધુ છે. ફાલસા જયુસ તરીકે ઉપયોગમાં લઈ શકાય છે. બાગાયત પાક તરીકે એક વીઘામાં ૨૦૦૦ થી ૨૫૦૦૦ જેટલી આવક મેળવી શકાય છે.

શિયાળામાં છાંટણી કરવાથી ઘરવપરાશનું મોંઘુ વળતર, ચોમાસામાં લીલો ઘાસચારો પણ પુરો પડે છે. આમ શિયાળો, ચોમાસું, ઉનાવાની ઋતુમાં અનેક રીતે ઉપયોગી ફાલસાની ખેતી ઓછા ખર્ચે વધુ ઉપજ આપે છે. ગુજરાતમાં વડોદરા, અમદાવાદ, ખેડા તેમજ અમુક જિલ્લાઓમાં છૂટું છવાયું વાવેતર જોવા મળે છે. ઉનાળાની ગરમી પિત્ત, જવર, વાયુ, ક્ષય વગેરેમાં અતિ હિતકર છે. ફાલસાનો રસ, શરબત, મુરબ્બો પણ બનાવી શકાય છે.

# દ્વારિકા અતિરૂદ્ર યજ્ઞમાં મુખ્યમંત્રીની સત્સંગ કથામાં પ્રેરક ચિંતન

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દ્વારિકામાં અતિરૂદ્ર અને શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞની સત્સંગ-કથામાં જણાવ્યું હતું કે, ભારતની સાંસ્કૃતિક વિરાસત જ આપણી પ્રાણશકિત છે. પ્રકૃતિ અને જીવ-સૃષ્ટિનું સંતુલન આપણાં પૂર્વજોએ જીવનશૈલીમાં આત્મસાત કરેલુ છે અને આધુનિક વિજ્ઞાન પણ એનો સ્વીકાર કરે છે.

દ્વારિકાના પવિત્ર તીર્થક્ષેત્રમાં ધારાસભ્ય શ્રી પબુભા વિરમભા માણેક પરિવાર આયોજિત અતિરૂદ્ર મહાયજ્ઞ અને શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞમાં આજે શ્રી નરેન્દ્રભાઈ મોદી અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શિવપુરાણ મહાપોથીનું પૂજન કરી મુખ્યમંત્રીએ વ્યાસપીઠને વંદન કર્યા હતા અને સંતો-મહંતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

વિશાળ ભાવિકજનોની સત્સંગકથામાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આપણાં પૂર્વજોએ જીવસૃષ્ટિનું સંતુલન પ્રકૃતિમાં સતત રહે તેવી જીવનશૈલી વિકસાવી છે. આ જીવ અને શિવનું તાદાત્મ્ય છે. ભગવાનના સ્ત્રી સ્વરૂપની કલ્પના પણ આપણી સંસ્કૃતિમાં છે અને આપણી જ વિરાસત કહે છે કે ઈશ્વરના સ્વરૂપ અનેક છે પણ ઈશ્વર એક જ છે. 'ભક્ત એવા ભગવાન' ની આપણી વિશાળતા કોટી દેવતાના સ્વરૂપે છે.

# ડીસાથી ભીલડી જતા હાઈવે રોડ પર માલગઢ નજીક લકઝરી બસના મુસાફરનું અકસ્માતે કરૂણ મોત

ડીસા, તા. ૨૨

ડીસાથી ભીલડી જતા હાઈવે રોડ પર રાજસ્થાન પાસિંગની એક લકઝરી બસમાં મુસાફરી કરી રહેલી ભીલડી ગામના એક યુવાનને અકસ્માત નડ્યો હતો. આ યુવાન બસની બારીમાંથી મોઢુ બહાર કાઢતા અકસ્માતે તેનું માથુ નેશનલ હાઈવે ઓથોરીટીના સાઈન બોર્ડ સાથે ધડાકાભેર અથડાયું હતું. જેનાથી આ યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થયું હતું. આ કરણાતીકાની વિગતો જોઈએ તો ડીસા તાલુકાના ભીલડી ગામે રહેતા અને મુળ રાજસ્થાનના સિરોહી જિલ્લાના પીંડવાડા ગામના રાજેન્દ્રભાઈ માંગીલાલ ભાંડ ડીસાથી ભીલડી જવા રાજસ્થાન પાસિંગની લકઝરી બસમાં સાર થયા હતા. બપોરના બારેક વાગ્યાના સુમારે આ બસ ડીસાથી ભીલડી જતા રોડ પર માલગઢ ગામના પાટીયા પાસે આવતા આ યુવકે કોઈ કારણોસર બસની બારીમાંથી પોતાનું મોઢુ બહાર કાઢ્યું હતું. જો કે તેવા જ સમયે રોડ પર લગાવેલ નેશનલ હાઈવે ઓથોરીટીનું બોર્ડ યુવકના માથે અથડાયું હતું અને યુવકના માથાના ફુરચા ઉડી ગયા હતા. બસ ચાલકે તે બાદ બસ ઉભી રાખી અને ઘાયલ એવા આ યુવકને ૧૦૮ એમ્બ્યુલન્સવાનની મદદે ડીસાની સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો. જો કે ફર્જ પરના તબીબે આ યુવકને મૃત જાહેર કર્યો હતો. જે બાદ આ મામલે ડીસા તાલુકા પોલીસમથકે મૃતક રાજેન્દ્ર ભાંડના ભાઈ વિનોદભાઈ માંગીલાલ ભાંડે લકઝરી ચાલક વિરૂદ્ધ ફરીયાદ આપી હતી. જેથી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સ્વ. વિશ્વનાથ ડોલરરાય હાથીના સંસ્મરણોને આલેખતા ગૌરવનું ગુરૂશિખર પુસ્તકનો વિમોચન સમારોહ યોજાયો

પાલનપુર, તા. ૨૨

જામનગરમાં જન્મેલા અને પાલનપુરને આજીવન કર્મભૂમિ બનાવનાર મુડી ઉંચેરા માનવી વડનગરા નાગર સ્વ. વિશ્વનાથ હાથી કાકાના હુલામણા નામે બનાસકાંઠામાં ચિરપરિચિત પાલનપુરીના સંસ્મરણોને ગ્રંથસ્થ કરી આજે પૂર્વ સચિવ પી.કે. લહેરીના વરદહસ્તે પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

હાથી પરિવાર દ્વારા આયોજીત આ સમારંભના પ્રારંભે સ્વ. હાથીકાકાના જયેષ્ઠ પુત્ર શ્રી જયંતિભાઈ હાથીએ પુસ્તક અને પરિવારનો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે પૂર્વ સાંસદ શ્રી હરિસિંહ ચાવડા, પેન્શનર્સ એસોસીએશનના પ્રમુખ વાઘેલા સાહેબ શિરીષભાઈ મોદીએ પ્રાસંગિક પ્રવચન કરી સ્વ. હાથીકાકાની સામાજીક યોગદાનને બિરદાવ્યું હતું.

પુસ્તકનું સંપાદન કરનાર રમણિકભાઈ રાવલ તેમજ ગીરીશભાઈ ઠાકરે પુસ્તકના સંદર્ભોને ટાંક્યા હતા. દિનેશભાઈ હાથીએ સ્લાઈડ શૉ દ્વારા હાથીકાકાના જીવનના પ્રસંગોનો પરિચય કરાવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્વ. હાથીકાકાના પ્રયત્નોથી જ બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહ. બેંકના પ્રથમ એમ.ડી. બનાસકાંઠા જિલ્લા કેળવણી મંડળની સ્થાપના કરી જિલ્લાની પ્રથમ કોલેજ પાલનપુરમાં સ્થાપના કરી. એટલું જ નહી હાલમાં જ્યાં પાલનપુરનું કોલેજ સંકુલ આવેલ છે તે ૯ એકર જમીન ૧ રૂપિયાના ટોકન ચાર્જથી રાજ્ય સરકાર પાસેથી મેળવીને ભગીરથ કાર્ય કર્યું. પાલનપુરનો તાલે મહંમદખાન ટાઉનહોલ, વિક્ટોરિયા સાર્વજનિક પુસ્તકાલય જેવી અનેક સંસ્થાઓને જન્મ આપનાર હાથીકાકાને આજે પાલનપુરના પ્રબુધ્ધ નગરજનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપી ભાવાંજલિ અર્પણ કરી હતી. સમારંભનું સંચાલન શાયર મુસાફિર પાલનપુરે કરી હતી.



# ડીસા ખાતે કોંગ્રેસ દ્વારા જનસંપર્ક પરિવર્તન યાત્રા યોજાઈ

કોંગ્રેસ પક્ષ દ્વારા આજે ગુજરાતભરમાં ભાજપને ભીંસમાં લેવા અને લોકોમાં જાગૃતિ ફેલાવવાનાં ભાગરૂપે હિસાબ દો જવાબ દો જનસંપર્ક પરિવર્તન યાત્રા ગુજરાતભરમાં યોજાઈ હતી. આ યાત્રાનું આયોજન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ કર્યું હતું. આ ઝૂંબેશના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આજરોજ ડીસા ખાતે જનસંપર્ક પરિવર્તન યાત્રા લઈ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયા સવારે દસ કલાકે ડીસા જલારામ મંદિર પાસે આવી પહોંચતાં ડીસા કોંગ્રેસ સમિતિના કાર્યકરોએ તેમનું ભાવભીનું સ્વાગત કર્યું હતું.

# પાલિતાણાના રાજમહેલને હેરિટેઝ હોટલમાં ફેરવાશે

અમદાવાદ,તા. ૨૨

જૈન સમુદાયના ધાર્મિક સ્થળ પાલિતાણાના રાજમહેલ અને રાજકોટની શાન તરીકે ગણાતા અહીના હવા મહેલને હવે હેરિટેજ હોટલમાં ફેરવી નાખવાની તૈયારી કરી દેવામાં આવી છે. વર્ષ ૧૯૩૧માં શરૂ કરવામાં આવ્યા બાદ ૧૦ વર્ષ સુધી નિર્માળ કામ આ હવા મહેલનું ચાલ્યુ હતું. મળેલી માહિતી મુજબ રાજકોટના શાહી પરિવારે ૧૮ કરોડમાં આની ખરીદી કરી લીધી છે. મનધતસિંહ જાડેજાની કંપની ટ્રાઈડન્ટ ડેવલોપર્સ દ્વારા પાલિતાણાના શાહી પરિવાર પાસેથી આ પ્રોપર્ટી ખરીદી લીધી છે. હવે ટ્રાઈડેન્ટ ડેવલોપર્સ નવી યોજના કરવા માગે છે. રાજ્યમાં હેરિટેઝ ટુરિઝમમાં સામેલ આને વધારે મહત્વ આપવાની તૈયારી કરી દેવામાં આવી છે. જૈન સમુદાય માટે ખૂબ જ શુદ્ધ ગણાતા શેત્રુજય પહાડીઓની ખૂબસુરતી પણ જાણિતી રહેલી છે. ટ્યુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડના બોર્ડમાં ડિરેક્ટર તરીકે રહેલા જાડેજાએ કહ્યું છે કે તેમનો મુખ્ય હેતુ પ્રવાસનો પ્રોત્સાહન આપવાનો છે. આ નવી પ્રાપ્તિથી હેરિટેઝ પ્રોપર્ટીમાં ઉમેરો થશે. હવામહેલ એક જ સંકુલમાં બે મહેલ ધરાવે છે. જેમાં એકનો નિર્માણ મિસ્ત્રી પુરોષત્તમદાસ ગિલાભાઈએ પાલિતાણાના બહાદુરસિંહ માનસિંહના સાશનમાં કર્યું હતું. જ્યારે જુના મહેલનું નિર્માણ ૧૯૦૭-૦૯માં કરવામાં આવ્યું હતું. એમ માનવામાં આવે છે કે દરેક જૈન તેમની લાઈફમાં એક વખત પાલિતાણાની મુલાકાત લે છે. વાર્ષિક રીતે ૧૦ લાખ લોકો અહી પહોંચે છે. હેરિટેઝ સ્થળ બની ગયા બાદ પાલિતાણાના ઈતિહાસને સમજવામાં યુવા પેઢીને મદદ મળશે.

## ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા ગાંધીનગર પંચાયત મા.મ. વિભાગ

### જાહેર નિવિદા નં. ૨/૨૦૧૨-૧૩ બીજો પ્રયત્ન

કાર્યપાલક ઈજનેર, પંચાયત મા. મ. વિભાગ, જિલ્લા પંચાયત ગાંધીનગર - ૩૮૨૦૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮)ની કચેરી દ્વારા નીચે જણાવેલ રસ્તાના કામોના પેકેજ માટે ઓનલાઈન ટેન્ડરથી ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીએ સ્પે. કેટેગરી (રોડ વર્કસ) પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા https:/rnb.nprocure.com તથા wwww.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે.

| | | |
|---|---|---|
| ઓનલાઈન સબમશીનની છેલ્લી તારીખ | | કામ નં. ૧થી ૩ તા. ૭-૫-૧૨<br>સમય : ૯-૧૦ કલાક |
| ટેન્ડર ફી બાનાની રૂ. તથા અન્ય ડોક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ | | કામ નં. ૧થી ૩ તા. ૧૪-૫-૧૨ |
| ટેન્ડર ઓપનીંગ (ઓનલાઈન) | | કામ નં. ૧થી ૩ તા. ૮-૫-૧૨ સમય : ૧૨-૩૦ |
| ક્રમ | કામનું નામ | (૧) કામની અંદાજી રકમ<br>(૨) બાનાની રકમ<br>(૩) ટેન્ડર ફી<br>(૪) શ્રેણી |
| ૧ | કન્સ. ઓફ આંગણવાડી કમ લાઈવલી હુડ સેન્ટર શેરથા તા. ગાંધીનગર | (૧) ૧૦૨૧૮૬૩.૨૬<br>(૨) ૧૦૨૨૦<br>(૩) ૯૦૦<br>(૪) ઈ-૨ ક્લાસ અને ઉપર |
| ૨ | કન્સ. ઓફ આસ્ફાલ્ટ રોડ ફોમ મનુભાઈ રાણા હાઉસ ટુ શીવપુરા કંમ્પા એટ ધણપ, તા. ગાંધીનગર | (૧) ૫૮૯૩૭૯.૯૯<br>(૨) ૬૦૦૦<br>(૩) ૯૦૦<br>(૪) ઈ-૨ ક્લાસ અને સ્પે. રોડ કેટેગરીૅ અને ઉપર |
| ૩. | કન્સ. ઓફ સિંદબાદ હોટલ ટુ કલોલ ટેકનોલોજી કૉલેજ જોઈનીંગ પીટીસી કૉલેજ રોડ એટ પ્રતાપપુરા (પીયજ) તા. કલોલ | (૧) ૧૧૪૧૩૩૮.૦૪<br>(૨) ૧૧૫૦૦<br>(૩) ૯૦૦<br>(૪) ઈ-૨ ક્લાસ અને સ્પે. રોડ કેટેગરીૅ અને ઉપર |

માહિતી/૧૨૭/૧૨-૧૩

## જાહેર નિવિદા

### કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પૂરી પાડવા અંગે

નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ હસ્તકની સેક્ટર-૨૬, ગાંધીનગર ખાતેની સરકારી પોલિટેકનીક કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ - સફાઈ કામ અને સ્વચ્છતા જાણવણીથી માંડીને ટેન્ડરના પરિશિષ્ટ-૪ મુજબની સમગ્રતયા કામગીરીની "કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા" પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી. પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૫-૦૦ કલાક વચ્ચે તા. ૨૧-૪-૨૦૧૨થી તા. ૪-૫-૨૦૧૨ સુધીમાં સ્ટોર અધિકારીશ્રી સરકારી પોલીટેકનીક, ગાંધીનગર કચેરી ખાતેથી અરજી સાથે આચાર્યશ્રી, સરકારી પોલીટેકનીક, ગાંધીનગરના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચૂકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે. ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૭-૫-૨૦૧૨ના રોજ ૧૫-૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

આચાર્ય
સરકારી પોલીટેકનીક, ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૭-૪-૨૦૧૨

માહિતી/૧૪૦/૧૨-૧૩

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ ૧-૦૦ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧